# ગીફટસીટી ખાતે આવેલી કંપનીના ભળતા નામનો ઉપયોગ કરી નાગરીકોને ઠગવાનો પ્રયાસ

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર ગીફટસીટી ખાતે આવેલી કિફસ બ્રોકીંગ એલ.એલ.પી. નામની કંપનીના ભળતા નામનો ઉપયોગ કરી ઓનલાઈન વેબસાઈટ અને વેબપોર્ટલ પર ડબલ્યુ.ડબલ્યુ.ડબલ્યુ.કિફસ બ્રોકરેજ ડોટકોમ નામની કંપની બનાવી તેમાં વર્ષોથી કાર્યરત કંપનીનો સેબી રજીસ્ટ્રેશન નંબરનો ઉપયોગ કરી નાગરીકોને ઓનલાઈન ઠગવાનો અને તેમની પાસેથી પૈસા પડાવવાનો ધંધો કરી રહ્યા છે. ત્યારે કિફસ બ્રોકીંગ કંપનીનુ નામ ખરાબ કરવાની કોશિશ કરતા કંપનીના લીગલ મેનેજરે કિફસ બ્રોકરેજ સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઉસ્માનપુરા અનુરાગ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૫૮ વર્ષિય તુષાર કાંતિલાલ શાહ કિફસ ગ્રુપમાં લીગલ મેનેજર તરીકે ફરજ બજાવે છે. કિફસ ગ્રુપમાં સમાવેશ પ્રમોટરોને વિવિધ સંસ્થાઓ પૈકીની એક સંસ્થા કિફસ બ્રોકીંગ એલએલપી છે આ કંપનીનું જુનુ નામ ખાંડવાલા ટ્રેડીંગ એલએલપી હતું. કંપનીની ઓફિસ ગીફટસીટી ખાતે આવેલી છે અને આ ગ્રુપ છેલ્લા ૩૫ વર્ષથી શેરબજારમાં કાર્યરત છે. આ કિફસ બ્રોકીંગ એલએલપી કંપનીનો રજીસ્ટર ઓફ કંપની અને એલએલપી ગુજરાત મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા સાથે રજીસ્ટર છે અને જેનો નોંધણી નંબર પણ છે. વધુમાં એલએલપી સિક્યુરીટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) સાથે સ્ટોક બ્રોકર તરીકે પણ તા.૨૬ માર્ચ ૨૦૧૯ થી પંજીકૃત છે અને તેનો પણ નોંધણી નંબર છે. સ્ટોક બ્રોકર તરીકે તેઓ એનએસઈ સાથે સંલગ્ન છે. કેપીટલ માર્કેટ તેમજ ફયુચર એન્ડ ઓપ્ષન્સ સેગમેન્ટમાં કાર્યરત છીએ. જયારે કંપની કોમોડીટી માર્કેટ માટે કોઈપણ એકસચેન્જમાં ન તો રજીસ્ટડ છે ના તો કોમોડીટી માર્કેટમાં કામ કરે છે.

પરંતુ ગત તા.૨૪-૧૧-૨૧ ના રોજ સવારના સમયે કંપનીની જાણમાં આવ્યું કે કોઈ ઠગબાજો કિફસ બ્રોકીંગના ભળતા નામનો ઉપયોગ કરીને કિફસ બ્રોકરેજ ડોટકોમ નામની વેબ પોર્ટલ ચલાવી રહ્યા છે. તે ઉપરાંત સેબી રજીસ્ટર નંબર પણ કિફસ બ્રોકીંગનો પરવાનગી વિના ચલાવી રહ્યા છે. જયારે કંપનીએ કોઈ વેબસાઈટ કે વેબ પોર્ટલ બનાવ્યું નથી. જયારે સેબી નંબર એકટ પ્રમાણે કોઈને વાપરવા માટે ના આપી શકાય. ત્યારે કિફસ બ્રોકરેજના ઠગબાજોએ વેબસાઈટ પર ટોલ ફ્રી નંબર દર્શાવ્યો છે. જેના થકી રીટેલ ઈન્વેસ્ટરને લલચાવી તેમની પાસેથી પોતાના બેંક એકાઉન્ટમાં ઘણી બધી રકમ ઉઘરાવીને આ રીટેલ તેમજ નાના ઈન્વેસ્ટરને છેતરી રહ્યા છે. ત્યારે કંપનીનુ નામ ખરાબ કરવાની કોશિશ કરનારા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવે તે માટે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.



વિવિધ રજૂઆતો અને માંગણીઓ સંદર્ભે મંત્રીઓને મળવા આવનારાઓની ભીડ સોમવારે વધુ હોય છે. મંત્રીઓને મળવા આવનારા મુલાકાતીઓની પાસ લેવા માટે ભારે ભીડ જોવા મળે છે. પાસ બારી પર સવારથી સાંજ લાંબી કતારો જોવા મળે છે.



સરકારી ભરતીઓનો વિવાદ વારંવાર થાય છે. તાજેતરમાં જ પોલીસની મોટી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. નવી ભરતીની જાહેરાત થઈ છે ત્યારે અગાઉની ભરતીના વેઈટીંગ લીસ્ટવાળા ઉમેદવારોએ ગૃહમંત્રીને મળી રજૂઆત કરી હતી. વેઈટીંગ લીસ્ટના ઉમેદવારોને નિમણુંક આપવા તેઓએ રજૂઆત કરી છે.

# ગણપત યુનિવર્સિટીના આંગણે ૪થી ડિસેમ્બરે યોજાશે તેનો ૧૫મો પદવીદાન સમારોહ

## ફુલ ૩,૭૭૦ વિદ્યાર્થીઓ આ અવસરે પદવી મેળવશે જેમાં ૭૮ને 'ગોલ્ડ મેડલ' તો ૧૪ ને 'પીએચડી'ની ડિગ્રી એનાયત થશે

ગણપતવિદ્યાનગર, તા. ૨૯

દેશની એક અગ્રગણ્ય અને ગુજરાત રાજ્યની પ્રથમ પંક્તીની પ્રથમ પાંચ ખાનગી યુનિવર્સિટીઓમાં પોતાનું ગૌરવપૂર્વક સ્થાન પ્રસ્થાપિત કરનાર હાઈટેક એવી ગણપત યુનિવર્સિટીના આંગણે આગામી ૪થી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ તેનો ૧૫મો પદવીદાન સમારંભ (કોન્વોકેશન) યોજાઈ રહ્યો છે.

ગણપત યુનિવર્સિટીની વિવિધ જ્ઞાનશાખાઓમાંથી પોતાની પદવી મેળવી રહેલા ૩,૭૭૦ જેટલા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીમાં જે અવસર સુવર્ણાક્ષરે અંકિત થઈ જશે તેવા આ પદવીદાન સમારંભમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ 'ચિફ ગેસ્ટ' તરીકે તો કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોત્તમ રૂપાલા 'ચિફ પેટ્રન' તરીકે પધારવાના છે. રૂપાલાજી કેન્દ્રના મંત્રીમંડળમાં ફિશરીઝ, એનિમલ હસબન્ડરી અને ડેરી વિકાસ જેવી મહત્વની કામગીરી સંભાળી રહ્યા છે. યુનિવર્સિટીના ૧૫માં પદવીદાન સમારોહ અવસરે ગુજરાત સરકારના હેલ્થ, ફેમિલી વેલફેર, મેડિકલ એજ્યુકેશન, વોટર રિસોર્સિસ અને વોટર સપ્લાય ખાતાના કેબિનેટ કક્ષાના મંત્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ગુજરાત સરકારના એગ્રિકલ્ચર, એનિમલ હસબન્ડરી, કાઉ-બ્રીડિંગ ખાતાના કેબિનેટ કક્ષાના મંત્રી રાઘવજીભાઈ પટેલ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ખાસ ઉપસ્થિત રહેવાના છે.

ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ તેમજ પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ ખાસ આ અવસરે ઉપસ્થિત રહેવા અમેરિકાથી પધાર્યા છે તો યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ અને પ્રો ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા સહિત અનેક આમંત્રિત મહાનુભાવો કે જેમાં ટ્રસ્ટીઓ, વિવિધ શાળા-કોલેજના આચાર્યો, ફેકલ્ટી-ડીન, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ્સ, ફેકલ્ટી-મેમ્બર્સ તેમજ વાલીઓ પણ ખાસ હાજર રહી પ્રસંગનું ગૌરવ વધારશે.

આ ૧૫માં કોન્વોકેશન ફંકશનમાં કુલ ૩,૭૭૦ વિદ્યાર્થીઓ વિવિધ જ્ઞાન-શાખાઓમાંથી પોતાનો અભ્યાસક્રમ પૂરો કરી ડિગ્રીઓ મેળવશે, જેમાં ૨,૬૬૬ વિદ્યાર્થીઓનો અને ૧૧૦૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં ૩૪૭ પરિવારોને ૧.૭૪ કરોડ સહાય ચુકવાઈ

કોરોનામાં મૃત્યુ પામનારા વ્યક્તિઓના પીડિત સ્વજનોને ૫૦,૦૦૦ રૂપિયા વળતર પેટે ચૂકવવાની કામગીરી તમામ રાજ્યોએ સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ હાથ ધરી છે. આ મુદ્દે કેન્દ્ર સરકારે ૧૯૦થી વધુ પાનાનું સોગંદનામું સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કર્યું હતું. જેમાં ગુજરાત તરફથી જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં કોરોનાથી કુલ ૧૦,૦૯૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. જે પૈકી ૧૨૫૦ પીડિતોએ વળતર મેળવવા માટે ફોર્મ ઓથોરિટી સમક્ષ જમા કરાવ્યા છે. જેમાંથી ૩૪૭ કેસોમાં ચકાસણી સહિતની કામગીરી કર્યા બાદ રાજ્ય સરકારે ૧.૭૪ કરોડની રકમની ચૂકવણી કરી છે. જ્યારે અન્ય ૯૨૫ કેસમાં ચૂકવણીની મંજૂરી આપવામાં આવી છે. આ સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા ગુજરાત સરકારની અગાઉ ભારે ટીકા કરવામાં આવી હતી. ખાસ કરીને રાજ્ય સરકારે સ્ક્રૂટિની કમિટીનું ગઠન કરતી વખતે સખત નારાજગી વ્યક્ત કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટના આકરા વલણ બાદ રાજ્ય સરકારે નવું જાહેરનામું કરીને ભૂલ સુધારી હતી અને તકરાર નિવારણ સમિતિનું ગઠન કર્યું હોવાનું સોગંધનામામાં જણાવ્યું હતું. અગાઉ રાજ્ય સરકારે ૨૯ ઓક્ટોબરે વળતરની ચૂકવણીનો જે ઠરાવ કર્યો હતો તેમાં ૨૧ નવેમ્બરે સુધારો કરી દેવાયો છે. જેમાં કોવિડમાં મૃત્યુ પામનારા વ્યક્તિઓના સ્વજનોને વળતરની ચૂકવણી કરવા માટેની પ્રક્રિયાને સરળ બનાવાની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. ઉપરાંત જણાવ્યું કે, રાજ્યના મહેસૂલ વિભાગે ૨૦ નવેમ્બરે એક ઠરાવ કર્યો હતો, જેમાં ૨૧ અને ૨૫ નવેમ્બરે જરૂરી સુધારા કરી તમામ જિલ્લાના કલેક્ટરોને વળતર ચૂકવવાના આદેશ આપવામાં આવ્યા છે.

# લોકપ્રિય બાલસાહિત્યકાર નટવર પટેલને દિલ્હી સાહિત્ય અકાદમીના રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરાયા

## જાણિતા કવિ રમાકાન્ત રથની વિશેષ ઉપસ્થિતિમાં ભુવનેશ્વર ખાતે એવોર્ડ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

બાળકોના સંસ્કારલક્ષી જીવન ઘડતર માટે ઉપયોગી પ્રેરણાદાયી બાલસાહિત્યના




સર્જનકાર્યમાં સર્વશ્રેષ્ઠ યોગદાન આપી રહેલા લોકપ્રિય બાલસાહિત્યકાર નટવર પટેલને દિલ્હી સાહિત્ય અકાદમીના રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરી તેમની ગૌરવપદ સાહિત્યિક સેવાઓને બિરદાવવામાં આવી છે.

ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વર ખાતે તાજેતરમાં દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા એવોર્ડ સમારોહમાં ગુજરાતના બાલસાહિત્યકાર નટવર પટેલને જાણિતા કવિ રમાકાન્ત રથની પ્રેરક ઉપસ્થિતિમાં અકાદમીના ઉપાધ્યક્ષ માધવકૌશિકે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરી તેમનું અભિવાદન કર્યું હતું.

દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા બાલસાહિત્યના રાષ્ટ્રીય પુરસ્કાર માટે દેશના વિવિધ રાજ્યોની પ્રાદેશિક માતૃભાષામાં ઉત્કૃષ્ટ બાલસાહિત્યનું સર્જન કરી રહેલા બાલસાહિત્યકારોની પસંદગી કરવામાં આવી હતી.

૭૫ વર્ષની જૈફવયે બાલસાહિત્યના સર્જનમાં સક્રિય રહી સાથે સાથે શિક્ષણ અને સમાજ ઉત્કર્ષની વૈવિધ્યપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓમાં યશસ્વી યોગદાન આપી રહેલા બાલસાહિત્યકાર નટવર પટેલ ગુજરાત સાહિત્ય અકાદમી, સાહિત્ય પરિષદ, વાર્તાનગરી કડીના સાહિત્ય વર્તુળ અને બાલસાહિત્ય અકાદમી સહિતની અનેકવિધ સાહિત્યિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

# અજગર બસમાં ઉદેપુરથી અમદાવાદ ખાતે પહોંચ્યો

ઉદેપુર, તા.૨૯

રાજસ્થાનના ઉદેપુર જિલ્લામાં એક અજીબ ઘટના સામે આવી હતી. અહીં સલૂંબરથી મુંબઈ જઈ રહેલી એક બસમાં આશરે ૧૪ ફૂટ લાંબો અજગર છૂપાઈને બેઠો હતો, જેની કોઈને જાણ ન્હોતી. આશરે અઢીસો કિલોમીટરથી વધારે સફર પુરી કર્યા બાદ બસ જ્યારે એક ઢાબા ઉપર રોકાઈ ત્યારે અજગરની જાણ થઈ હતી. જેથી બસમાં અફરાતફરી મચી ગઈ હતી. જ્યારે કેટલાક મુસાફરોએ હાથોહાથ રેસ્ક્યૂ ઓપરેશન ચલાવીને અજગરને પકડ્યો હતો. બસમાં અજગર હોવાની વાત જાણીને મુસાફરોના હોશ ઉડી ગયા હતા. ઉદેપુરના જૈસમંદ સલુમ્બરથી મુસાફરોને લઈને એક ખાનગી બસ શનિવારે રાત્રે મુંબઈ જઈ રહી હતી. બસમાં સવાર તમામ મુસાફરો આરામથી મુસાફરી કરી રહ્યા હતા. લગભગ અઢીસો કિલોમીટર ચાલ્યા પછી બસ અમદાવાદ પાસેના એક ઢાબા પર ઊભી રહી હતી. જ્યાં તમામ મુસાફરો ચા-પાણી માટે નીચે ઉતરવા લાગ્યા હતા. જ્યારે મુસાફરો નીચે ઉતરી રહ્યા હતા ત્યારે એક મુસાફરે સીટની નીચે એક અજગર જોયો હતો. આ જોઈને તેણે જોરથી બૂમો પાડી હતી. જેને લઈને બસમાં હંગામો મચી ગયો હતો અને ફરી એકવાર નાસભાગ મચી ગઈ હતી.



## રાંદેસણ જવાના રસ્તે પીવાના પાણીની પાઈપ લાઈન લિકેજ

ન્યુ ગાંધીનગર વિસ્તાર સીટી પલ્સ થિયેટરથી રાંદેસણ ગામમાં જવાના રસ્તે પાણીની પાઈપ લીકેજ થવાથી રહીશોમાં મુશ્કેલી ઉભી થઈ છે. ઘણા સમયથી ચોખ્ખા પીવાના પાણીની પાઈપલાઈન લીકેજ આ વિસ્તારમાં થઈ રહી છે. મહામુલા ચોખ્ખા પાણીનો વ્યય તથા રોડ પર અવર જવરમાં મુશ્કેલીઓ ઉભી થતાં લીકેજ પાણી અટકાવવાની લોકમાંગણી ઉઠી છે.




## ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત વાર્તા વાચિકમનો અનોખો પ્રયોગ

ગુજરાત સાહિત્ય અકાદમી અને હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ આયોજિત વાર્તા વાચિકમનો અનોખો સફળ પ્રયોગ નવજીવન ખાતે યોજાયો હતો. જેમાં ઝવેરચંદ મેઘાણી, ચુનીલાલ મડિયા, હરીન્દ્ર દવે, મહેન્દ્રસિંહ પરમાર, તુષાર વ્યાસ ઈત્યાદિ વાર્તાકારોની વાર્તાઓનું મંચન થયુ હતુ. આ કાર્યક્રમના સ્થળ પર પ્રશિષ્ટ વાર્તાકારોના પુસ્તકોનું પ્રદર્શન થયુ હતું. આ પ્રસંગે જાણીતા અભિનેતા કમલ જોશી, પ્રશાંત બારોટ, નૈષધ પુરાણી, સેજલ પોંદા ઈત્યાદિ કલાકારોએ પ્રસ્તુતિ કરી હતી. ડૉ. જયેન્દ્રસિંહ જાદવે વાર્તાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. ડૉ. ફાલ્ગુની શશાંકે ગીતોની રજૂઆત કરી હતી. તથા હિતેન આનંદપરાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને હરદ્વાર ગોસ્વામીએ સંકલન કર્યુ હતુ.




ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે હેલ્થ મિશનની મળેલ એક્ઝીક્યુટીવ કમિટીની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે હાજરી આપી આરોગ્યના વિવિધ કાર્યક્રમોની ઝીણવટભરી સમીક્ષા હાથ ધરી હતી. તેમણે પી.એમ.જે.વાય., એ.એન.સી. રજીસ્ટ્રેશનની કામગીરીમાં ગતિ આવે તે માટે પણ સૂચનો કર્યા હતા તેમજ સરકારી દવાખાનાઓમાં પ્રસુતિઓ વધુ થાય તે જોવા પર ભાર મુક્યો હતો.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓપીડી માટે દર્દીઓની લાંબી કતાર

## રાજયના સિનિયર તબીબો પોતાની ૧૬ અલગ અલગ માંગણીઓના પગલે વર્ગ ૧-૨ના તબીબો આંદોલન પર છે

અમદાવાદ,તા.૨૯

એકતરફ સિનિયર ડોકટર્સએ પડતર માંગણીઓને લઈ આંદોલન શરૂ કર્યું છે બીજીતરફ પીજી નિટનું કાઉન્સિલિંગ પાછળ ઠેલતા રાજ્યભરના રેસિડેન્ટ તબીબો હડતાળ પર ઉતર્યા છે. ડોકટર્સએ ઈમરજન્સી સેવા સિવાયની તમામ સેવાઓ બંધ રાખતા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની હલાકીના દ્રશ્યો સામે આવ્યા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાંથી સારવાર માટે આવતા દર્દીઓની લાંબી કતારો ઓપીડી વિભાગમાં જોવા મળતા દર્દીઓ અટવાયા છે. રાજયના સિનિયર તબીબો પોતાની ૧૬ અલગ અલગ માંગણીઓના પગલે વર્ગ ૧ અને ૨ ના તબીબો આંદોલન પર છે. રાજ્યની છ સરકારી કોલેજ, જીએમઈઆરએસ અને સ્થાનિક સંસ્થાના તબીબોની સરકાર સામે નારાજગી જોવા મળી છે. સેવા વિનિયમિત કરવી, તબીબોની એડહોક સેવા સળંગ ગણવી, તબીબોએ કોરોનાવોરિયર તરીકે સેવા કરી જેમાના ૩૦ તબીબો રિટાયર્ડ થયા જેમાં ૨ના મોત થયા પણ આ રિટાયર્ડ તબીબોને પેન્શન મળતું નથી. આવી અલગ અલગ માંગણીઓ સ્વીકારવામાં નહિ આવતા સિનિયર તબીબોએ આંદોલન શરુ કર્યું છે. બીજી તરફ નીટનાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને સહાયક તરીકે કામગીરી ન સોપાતા ડોકટર્સમાં નારાજગી ફેલાઈ છે. જેને પગલે રાજ્યભરની મેડિકલ કોલેજના જુનિયર ડોકટર્સ હડતાળ પર છે. આ ડોકટર્સએ ઈમરજન્સી સેવા સિવાયની તમામ સેવાઓ બંધ રાખતા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની મુશ્કેલીઓ સામે આવી છે. બીજી તરફ નીટનાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને સહાયક તરીકે કામગીરી ન સોપાતા ડોકટર્સમાં નારાજગી ફેલાઈ છે. જેને પગલે રાજ્યભરની મેડિકલ કોલેજના જુનિયર ડોકટર્સ હડતાળ પર છે. આ ડોકટર્સએ ઈમરજન્સી સેવા સિવાયની તમામ સેવાઓ બંધ રાખતા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની મુશ્કેલીઓ સામે આવી છે. જામનગરનાં કિંજલ કારસરિયાની રિપોર્ટ મુજબ, સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલનાં જુનિયર તબીબો અને પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર દ્વારા કોઈ ઉકેલ ન લવાતા જામનગરમાં જુનિયર તબીબો ફરી હડતાલ પર ઉતર્યા છે. સમગ્ર ગુજરાતની સાથે જામનગરમાં પણ જુનિયર તબીબો આજે હડતાલ ઉપર ઉતર્યા છે. ઈ.ઈ.એસ. અને પી.જી.ના પ્રશ્ને પડી રહેલ હાલાકીને લઈને ૧૫૦ થી ૨૦૦ જેટલા જુનિયર તબીબો આજે સવારથી હડતાળ પર ઉતર્યા છે. જુનિયર તબીબો ની હડતાલ ને લઈને સૌરાષ્ટ્રની સૌથી મોટી એવી ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ માં રોજિંદી ઓપીડી અને ઓપરેશન થિયેટરમાં તબીબો કામગીરીથી અળગા રહ્યા છે માત્ર ઈમર્જન્સી સર્વિસ જ ચાલુ છે જેને લઈને દર્દીઓને પણ હાલાકી વેઠવી પડી રહી છે. એમ.પી.શાહ મેડીકલ કેમ્પસ ખાતે આજે સવારથી જ જુદા જુદા પ્લેકાર્ડ સાથે પોતાની માગણીઓ ને લઈને તબીબોએ સરકારને તાત્કાલિક નિરાકરણ લાવવા અલ્ટીમેટમ આપ્યું છે. જો આવનારા સમયમાં તેમની માગણીઓ નહીં સંતોષાય તો વધુ જલદ આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

# મહી નદીમાંથી ગુજરાતને પાણી નહીં અપાય : રાજસ્થાનના મંત્રી

આણંદ , તા.૨૯

રાજસ્થાનનાં જળસંસાધન વિભાગનાં કેબીનેટ મંત્રી મહેન્દ્રજીતસીંહ માલવીયાએ આગામી દિવસોમાં મહી નદીમાંથી ગુજરાતને પાણી આપવામાં આવશે નહી તેવું નિવેદન કરતા આગામી દિવસોમાં ગુજરાત સરકાર અને રાજસ્થાન સરકાર વચ્ચે મહી નદીનાં પાણીનાં મુદ્દે સંગ્રામ ખેલાવાની શકયતાઓ રહેલી છે. જેની સીધી અસર આણંદ ખેડા જિલ્લાનાં છેવાડાનાં સિંચાઈ આધારીત વિસ્તારો પર પડી શકે છે. રાજસ્થાનના નવનિયુક્ત જળસંસાધન મંત્રી મહેન્દ્રજિતસિંહ માલવિયાએ પદભાર સંભાળ્યા પછીની સૌ પ્રથમ બેઠકમાં જ ગુજરાતને માહી બજાજ સાગર ડેમમાંથી પાણી આપવાનું બંધ કરી દેવાની ચેતવણી ઉચ્ચારી છે. સૌથી અગત્યની બાબત છે કે, રાજસ્થાનમાં વાંસવાડા પાસે આવેલા આ ડેમમાંથી ગુજરાતના કડાણા અને ત્યાંથી વણાકબોરી થઈ ચરોતર પંથકની કેનાલોમાં સિંચાઈનું પાણી છોડવામાં આવે છે. જો આ પાણી બંધ થાય તો સૌથી પ્રતિકૂળ અસર ચરોતર પર પડે અને ખેડા - આણંદ જિલ્લામાં કેનાલ આધારિત લગભગ ૪ લાખ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થઈ શકે. કેબીનેટ મંત્રી મહેન્દ્રજિતસિંહે જયપુર ખાતે અધિકારીઓની રિવ્યૂ મીટીંગ બોલાવી હતી.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાની આશા દેખાઈ

ગાંધીનગર,તા.૨૯

પેટ્રોલ અને ડીઝલના ભાવ ૧૦૦ને પાર ગયા બાદ દિવાળીના તહેવારમાં કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરતા તે ૧૦૦ની અંદર આવ્યા હતા. જોકે, હજુ પણ જે પ્રમાણે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવો જોઈએ તેટલો નથી થયો તેવી ચર્ચાઓ વચ્ચે આગામી દિવસોમાં ભાવમાં ઘટાડો થાય તેવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પાછળનું કારણ ઓમિક્રોન વેરિયન્ટ માનવામાં આવી રહ્યું છે.

આંતરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ થોડા દિવસો માટે નીચા રહે છે તો દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધુ નીચા આવે તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. સત્તાવાર સૂત્રો જણાવે છે કે, ઘરેલુ સ્તર પર પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૫ દિવસની રોલિંગ એવરેજના આધારે નક્કી કરવામાં આવે છે. આવામાં આંતરાષ્ટ્રીય સ્તર પર કિંમતોમાં સતત ઘટાડો બાદ ભાવમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. એટલે પ્રતિ બેરલ ૨૫ નવેમ્બર સુધી ભાવ લગભગ ૮૦થી ૮૨ ડોલર રહ્યો છે. આ પછી વધુ ઘટાડો થતા પ્રતિ બેરલની કિંમત ૭૨.૯૧ ડોલર પર પહોંચતા દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના દેખાઈ રહી છે.

વધુમાં એવી પણ વાત સામે આવી રહી છે કે, આંતરાષ્ટ્રીય સ્તર પર જયારે કિંમતમાં ઘટાડો આગામી દિવસોમાં પણ યથાવત રહે તો પેટ્રોલ અને ડીઝલના ભાવ નીચા આવી શકે છે. હાલમાં જ અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયા સહિત ભારત જેવા મુખ્ય દેશો કે જ્યાં પેટ્રોલ-ડીઝલનો વધુ વપરાશ થાય છે તેમણે સંયુક્ત રીતે આંતરાષ્ટ્રીય સ્તર પર કાચા તેલના ભાવમાં ઘટાડો કરાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ પછી પણ આંતરાષ્ટ્રીય કિંમતો પર કોઈ અસર પડી નથી.

## અડાલજમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ થયુ હતુ. જયારે આ દરમિયાન કોવિડનો કહેર પણ અવરોધરૂપ બન્યો હતો જેના લીધે ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં આ કામગીરી પુર્ણ થવાની હતી પરંતુ હજુ સુધી આ કામ બાકી છે. જો કે ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ આગામી બે મહીનામાં પાણીની લાઇન નાંખવાનુ તેમજ સ્ટેશન ઉભુ કરવાનુ બાકી કામ પુર્ણ થશે. જેમાં ૧૨ કી મી ની લાંબી લાઇન સાથે ૫ લાખ લીટરની સંગ્રહ ક્ષમતા ધરાવતી ટાંકી અને ફરતે કમ્પાઉન્ડ વોલ પણ તૈયાર કરવામાં આવી છે. જેના અંતે આ વિસ્તારમાં નર્મદાનુ પાણી સરળતાથી સપ્લાય કરી શકાશે. આ યોજનાનુ કામ પુર્ણ થતા ૬ હજારથી વધુ પરિવારોને પીવા માટે નર્મદાનુ શુધ્ધ પાણી મળી રહેશે.